આકાશવાણી ભુજ

સમાચાર વાચક: તૌફિક સમા

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારીખ:-૦૧-૧૦-૨૦૨૩ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

# સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ

સ્વચ્છતા હી સેવા' માસની ઉજવણી અન્વયે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પ્રેરણાથી આજે દેશના તમામ ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં જન-પ્રતિનિધિઓની આગેવાની હેઠળ 'એક તારીખ, એક કલાક' સૂત્ર સાથે મહાશ્રમદાન પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. જે અન્વયે જિલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શન હેઠળ કચ્છના તમામ દસ તાલુકામાં સ્વચ્છતા હી સેવાના વિવિધ આયોજનો કરવામાં આવ્યા છે. કચ્છ જિલ્લાના તમામ ગામડાઓમાં ગાર્બેજ ફ્રી ઇન્ડિયાની થીમ સાથે ગામો કચરા મુક્ત બને તે માટે આજે સવારે ૧૦.૦૦ વાગ્યે મહાશ્રમદાન કાર્યક્રમ યોજવામાં આવશે.

એક તારીખ, એક કલાક' અન્વયે મહાશ્રમદાન પ્રવૃત્તિઓનું સમગ્ર આયોજન જિલ્લાના આરોગ્ય કેન્દ્રો/આંગણવાડીઓ/શાળાઓ/વિવિધ કચેરીઓના પ્રાંગણ અને આજુબાજુના વિસ્તારો, પ્રવાસન સ્થળો, ગૌશાળાઓ, બસ સ્ટેન્ડ, ધાર્મિક સ્થળો સહિતની જગ્યાઓએ કરાશે.દરેક ગામમાં ઓછામાં ઓછી એક શ્રમદાન ગતિવિધિનું આયોજન કરાશે. સંપૂર્ણ શ્રમદાન 'સિંગલ યુઝ પ્લાસ્ટિક ફ્રી' અને 'ઝીરો વેસ્ટ'ને પ્રોત્સાહન મળે તે પ્રકારનું રહેશે. આ કાર્યમાં જનપ્રતિનીધીઓ તેમજ જિલ્લા અને તાલુકાના ઉચ્ચ અધિકારી ઉપસ્થિતિ રહેશે. આ સ્વચ્છતા માટેના ઉમદા મહાશ્રમદાન પ્રવૃત્તિઓમાં તમામ કચ્છવાસીઓ સહભાગી બને તેવો જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ભુજ, કચ્છ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

પદ્દણીભાઈ

---------------------------------------------------------------------

## પ્રધાનમંત્રી સંકલ્પ સપ્તાહ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે આકાંક્ષી ઘટક કાર્યક્રમનો હેતુ બ્લોક સ્તરે નાગરિકોના જીવનની ગુણવત્તામાં સુધારો કરવાનો છે.

ગઈકાલે નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે સંકલ્પ સપ્તાહનો પ્રારંભ કરાવતા શ્રી મોદીએ કહ્યું કે આકાંક્ષી ઘટક કાર્યક્રમ દેશના 329 જિલ્લાના 500 મહત્વકાંક્ષી બ્લોક્સમાં વહીવટીતંત્રની ગુણવત્તામાં સુધારો કરીને લોકોનું જીવન સુધારશે. તેમણે કહ્યું કે આ કાર્યક્રમ ઈતિહાસના પાના પર સુવર્ણ અક્ષરે લખાશે. આકાંક્ષી જિલ્લા કાર્યક્રમે 112 જિલ્લાઓમાં 25 કરોડ લોકોના જીવનમાં પરિવર્તન લાવ્યું છે. આ કાર્યક્રમે પાંચ વર્ષ પૂર્ણ કર્યા છે અને તે કાર્યક્ષમ વહીવટનું મજબૂત ઉદાહરણ સાબિત થયું છે.

**RNU અમદાવાદ**

---

## શાળાઓ માટે સ્વચ્છતા અભિયાન

રાજ્યની પ્રાથમિક શાળાઓમાં આજે સફાઈ કરવા તમામ જીલ્લા શિક્ષણ અધિકારીઓને આદેશ કરવામાં આવ્યા છે. આજે શિક્ષકો-વિદ્યાર્થીઓને 1 કલાક સફાઈ કામમાં જોડાવા પરિપત્ર કરવામાં આવ્યો છે. સવારે 10 થી 11 વાગ્યા દરમિયાન શાળામાં સફાઈ કરવાની જાહેરાત કરવામાં આવી છે. શાળાનાં પ્રાંગણ, અગાશી અને શાળાની આસપાસ સફાઈ માટે નિર્દેશ આપવામાં આવ્યો છે. 2 ઓક્ટોબર 2014 ના રોજ ગાંધી જયંતિનાં દિવસે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા સ્વચ્છ ભારત અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી. જેનાં ભાગ રૂપે પ્રધાનમંત્રી દ્વારા આજે સવારે 10 વાગ્યે સૌ એ સાથે મળી સ્વચ્છતા માટે 1 કલાક શ્રમદાન કરવાનું સૂચન કરવામાં આવ્યું છે.

**જાગૃતિબેન**

---

## મોટા યક્ષનો મેળો

RNUBHUJ

કચ્છના મીની તરણેતર તરીકે જાણીતા મોટા યક્ષના મેળાનું આજથી તા. ૦૪ ઓકોમ્બર સુધી નખત્રાણા તાલુકાના સાંયરા ગામે આયોજન થનાર છે. આ મેળામાં કચ્છ જિલ્લામાંથી તેમજ અન્ય જિલ્લામાંથી અંદાજિત એક લાખથી દોઢ લાખ લોકો મેળો માણવા માટે આવતા હોય છે.

આ મેળામાં આવતીકાલે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી તથા અન્ય રાજકીય આગેવાનો પધારનાર હોઈ ટ્રાફિક વ્યવસ્થા જાળવણી માટે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી અમિત અરોરા દ્વારા જાહેરનામુ બહાર પાડવામાં આવ્યુ છે. જે અન્વયે આવતીકાલે સવારે ૬ વાગ્યાથી સાંજે ૪ વાગ્યા સુધી દેશલપર (વાંઢાય)થી નખત્રાણા સુધી તેમજ મંગવાણાથી સાંયરા (યક્ષ)થી નખત્રાણા સુધીના રોડ પરથી પસાર થતા ભારે વાહનોની અવર જવર પ્રતિબંધિત કરવામાં આવશે. આ વાહનો માતાના મઢ તથા રવાપર તરફથી આવતા ભારે વાહનોને ભુજ તરફ જવા માટે વિરાણી ફાટક થી વીરાણી ગામ થઇ નિરોણા થી ભુજ તરફ જઈ શકશે. માતાના મઢ તથા રવાપર તરફથી આવતા ભારે વાહનોને માંડવી તથા મુંદરા તરફ જવા માટે રવાપર થી નેત્રા થઈ ઉખેડા, બીટા, મંગવાણા, માંડવી તથા મુંદરા તરફ જઈ શકશે. આ જાહેરનામું સરકારી ફરજ પરના વાહનો, એસ.ટી. બસો, અગ્નિ શામક દળના વાહનો અને એમ્બ્યુલન્સને લાગુ પડશે નહીં.

પરેશભાઈ

---

## રૂ.2000ની નોટ બદલાવવાની તારીખમાં વધારો

ભારતીય રિઝર્વ બેંકે 2,000 રૂપિયાની નોટો બદલવાની છેલ્લી તારીખ વધારીને 7 ઓક્ટોબર કરી છે. આરબીઆઈએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે બેન્કમાં બે હજાર રૂપિયાની નોટ જમા કરાવવાનો સમય ગઈકાલે પુરો થઈ જતા હવે 7મી ઓક્ટોબર સુધીમાં જમા કરાવી શકાશે. અત્રે ઉલ્લેખનીય છે કે 19 મેના રોજ ભારતીય રિઝર્વ બેંકે રૂપિયા 2,000ની નોટ ચલણમાંથી પાછી ખેંચી લેવાની જાહેરાત કરી હતી.

**RNU અમદાવાદ**

---